# <u>પ્રસનોટ</u>

## 'તાપી નદી શુધ્ધિકરણ માસ્ટર પ્લાન'

સુરત શહેરનો એકમાત્ર પીવાના પાણીનો સ્ત્રોત તાપી નદી છે. સુરત શહેરના પાછલા ૪૦ વર્ષોના અસાધારણ ઔધોગિક વિકાસના પરિણામે શહેરની વસ્તી તથા વિસ્તારમાં આશરે ૪ ગણો વધારો થયો છે અને શહેરની વસ્તી આજે અંદાજે ૫૫ લાખની સંખ્યા પણ વટાવી ચુકી છે. સુરત શહેરના અભુતપૂર્વ વિકાસના ફળસ્વરૂપે તેની આસપાસના અનેક વિસ્તારોમાં નવા ઔધોગિક એકમો સ્થપાયા છે તથા માનવ વસ્તીમાં પણ ખાસ્સો વધારો થયો છે. કાંકરાપાર વિયરથી ONGC બ્રીજ સુધીનાં વિસ્તારમાં અનેકવિધ ઉધોગોને પરિણામે વિકસેલ/વિકસી રહેલ વિસ્તારોમાંથી વપરાશનું મેલું પાણી તથા કેટલેક ઠેકાણેથી ઔધોગિક વપરાશનાં પાણીને પણ નિર્ધારીત ટ્રીટમેન્ટ કર્યા વગર તાપી નદીમાં સીધે સીધું છોડવામાં આવી રહયું છે, જે તાપી નદીનાં પાણીની ગુણવત્તા ઉપર સીધેસીધી વિપરીત અસરો કરે છે તથા ભવિષ્યમાં આ પ્રકિયા શહેર તથા આસપાસના વિસ્તારનાં પીવાનાં પાણીનાં સ્ત્રોતની ગુણવત્તા સંદર્ભે લાલબત્તી સમાન જણાય છે.

સુરત શહેરની મુલાકાત દરમ્યાન મા. મુખ્યમંત્રીશ્રીએ આ પરિસ્થિતિને વખોડી, આ સમસ્યાને ગંભીર ખતરારૂપ હોવાનું જણાવી, તેના લાંબાગાળાના ઉકેલ માટે સુગઠિત આયોજન કરવા સુચના આપેલ, જેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કાંકરાપાર વિયરથી શરૂ કરીને ONGC બ્રીજ સુધી (તાપી નદીનાં અરબી સમુદ્ર સાથે મિલનનું અંદાજીત સ્થળ) ના સમગ્ર ભાગ માટે રૂા. ૯૪૧.૭૫ કરોડનાં અંદાજીત ખર્ચનાં Master Plan તૈયાર કરવામાં આવ્યો છે. સદર Master Plan હેઠળ, (૧) કાંકરાપાર વિયરથી સુડાની હદ શરૂ થાય ત્યાં સુધીનો વિસ્તાર (૨) સુડા વિસ્તાર અને (૩) સુરત મહાનગરપાલિકાનો વિસ્તાર એમ, કુલ–૩ અલગ અલગ વિસ્તારો માટેનો સંકલિત Master Plan તૈયાર કરવામાં આવેલ, જે પૈકી સુરત મહાનગરપાલિકાનાં અંશતઃ વિસ્તાર તથા સુડાનાં વિસ્તારોને આવરી લેતો પ્રથમ તબકકાનો અંદાજે રૂા.૪૦૮ કરોડનાં ખર્ચનો પ્રથમ તબકકાનો DPR રાજય સરકારશ્રી મારફતે કેન્દ્ર સરકારશ્રી હસ્તકની સંસ્થા NRCP સમક્ષ ગ્રાંટ મેળવવા માટે સાદર કરવામાં આવેલ છે.

આ પ્રથમ તબકકાના DPR હેઠળ વાલક ખાતેની ખાડી કે, જેમાંથી અંદાજે ૯૬ એમ.એલ.ડી. (મિલીયન લીટર પ્રતિ દિન) અને વરાછા ખાડી કે, જેમાંથી અંદાજે ૬૬ એમ.એલ.ડી. જેટલું ગંદુ પાણી તાપી નદીમાં ભળે છે. આ બંને ખાડીને ઈન્ટરસેપ્ટ કરી, તેના પાણીને મીઠીખાડીમાં ડાયર્વટ કરી, દરિયામાં મોકલવાનું આયોજન છે. જેને માટે જરૂરી આર.સી.સી. પાઈપ લાઈન લેઈંગ, પંપીંગ સ્ટેશન, એમ.એસ. રાઈઝીંગ મેઈન વિગેરે કામોએ કુલ્લે અંદાજીત ૩૨ કરોડ જેટલી રકમના ચાર ટેન્ડરો સુરત મહાનગરપાલિકા ધ્વારા મંગાવવામાં આવેલ. જે પૈકી હાલ ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી.પાઈપ લાઈન નાંખવાના બે કામો મંજુર કરી તેનો વર્કઓર્ડર આપી સ્થળ પર કામગીરી પૂરજોશમાં ચાલુ કરી દેવામાં આવી છે.

હાલ વરાછા ખાડીને મીઠીખાડી સાથે જોડવા માટે અંદાજે ૪૩૦૦ રનીંગ મીટર લંબાઈમાં, આ ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડબલ પાઈપ લાઈન, ૯૦ મીટરના સૂચિત આઉટર રીંગરોડ પર નાંખવામાં આવી રહી છે. સાથોસાથ, 'સુડા' ધ્વારા આ આઉટર રીંગરોડ પર ખેતરોના કબજાઓ મેળવી, ડિમાર્કેશન કરી આપવામાં આવી રહયુ છે.

અન્ય કામોના ટેન્ડરો મંજુર થયેથી પંપીંગ સ્ટેશન તથા ૧૨૧૯ મી.મી. વ્યાસની એમ.એસ. રાઈઝીંગ પાઈપ લાઈનની કામગીરી પણ સ્થળ પર ચાલુ કરી દેવામાં આવશે. આ ચારેય પ્રકલ્પો પૂર્ણ થયેથી, વાલક તથા વરાછા ખાડી ખાતેથી તાપી નદીમાં ભળતા અંદાજે ૧૬૬ એમ.એલ.ડી. જેટલા ગંદા પાણીને મીઠીખાડી મારફતે દરિયા તરફ ડાયવર્ટ કરી દેવામાં આવશે, જેને લીધે તાપી નદીના રો વોટરની ગુણવત્તા બગડતી અટકશે.

આગામી વર્ષોમાં તાપી નદીના કિનારા પરના 'સુડા' ના અન્ય વિસ્તારો તથા કામરેજ ગામથી આગળ કાંકરાપાર સુધીના અંદાજે ૨૬ જેટલા ગામડાઓ કવર કરી તેની સુગઠિત ડ્રેનેજ યોજના બનાવી તબકકાવાર કામગીરી હાથ ધરીને તાપી નદીમાં ભળતું ગંદુ પાણી રોકવામાં આવશે.

તાપી શુધ્ધિકરણ યોજના હેઠળના સુરત મહાનગરપાલિકા વિસ્તાર, 'સુડા' વિસ્તાર તથા તેના ઉપરવાસના રાજય સરકાર વિસ્તારના કામો સુરત મહાનગરપાલિકા ધ્વારા નોડલ એજન્સી તરીકે NRCP ની ગ્રાંટ મેળવીને કરાવવામાં આવનાર છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭ –૧૮ માં ૧૪ આંગણવાડી કેન્દ્રો ( ઝોન દીઠ ૨) ને અપગ્રેડ કરી સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો બનાવેલ છે.

આ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રોનો કલર બાળકોને ગમે તેવો આકર્ષિત રાખેલ છે તેમજ બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં વધારો થાય તે હેતુસર ભીતચિત્રો મુકવામાં આવેલ છે. દરેક સ્માર્ટ આંગણવાડીને ટીવી વીથ ડીવીડી આપેલ છે અને આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા પેનડ્રાઈવથી બાળકોને ગમે તેવી વાર્તાઓ, જોડકણા, ગીત વિગેરે ટી.વીમાં દર્શાવવામાં આવે છે. આ સાથે આંગણવાડીની વસ્તુઓ સ્ટોર કરવા માટે એક એન્જીન અને તેની બોગી આકારનો સ્ટોર બોક્ષ આપવામાં આવેલ છે. આંગણવાડીનું ફ્લોરીંગ વીટ્રીફાઈડ ટાઈલ્સથી તથા છત પર ચાઈના મોઝેક ટાઈલ્સ લગાડવામાં આવેલ છે.

આ આંગણવાડી કેન્દ્રો બનાવવાનો હેતુ  બાળકોને આંગણવાડી જોઈને આવવાનું મન થાય અને તેમને ચાઈલ્ડ ફ્રેન્ડ્લી વાતાવરણ મળી રહે તે છે  આ તમામ ૧૪ સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો અપગ્રેડનો ખર્ચ મહાનગરપાલિકા દ્વારા કુલ રૂા.૮૫ લાખના ખર્ચે કરેલ છે.આગામી નાણાંકીય વર્ષમાં તમામ ઝોનમાં આ પ્રકારની વધુ સ્માર્ટ આંગણવાડીઓ બનાવવા કમિશનરશ્રીએ તમામ ઝોનના અધિકારીઓને અનુરોધ કરેલ છે.







૬૬૫

# **<u>પ્રેસનોટ</u>**

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોનવિસ્તારમાં જે તે ઝોનનાં નાયબ આરોગ્યઅધિકારીશ્રીઓની સીધી દેખરેખ હેઠળ ઝોનનાં આરોગ્ય સ્ટાફ ધ્વારા આજ રોજ તા. **<u>તા.૦૪–૦૧–૧૮</u>** નાં રોજ **<u>પ્રતિબંધિત પ્લાસ્ટીક ઝુબેશ</u>** હાથ ધરવામાં આવેલ હતી. ઝોનવાઈઝ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | ઝોનનું નામ | ચેક કરેલ સંસ્થ ાની સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટીક જથ્થો (કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમની સં ખ્યા | આપેલ નોટીસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કતારગામ | **૩૧૩** | **૩૪.૦૦૦** | **૧૬,૪૦૦** | **૮૭** | **૧૧૧** |
| ૨ | સેન્ટ્રલ | **૧૫૭** | **૧૬.૨૦૦** | **૧૩,૯૦૦** | **૭૧** | **૫૧** |
| ૩ | રાંદેર | **૧૭૫** | **૧૭.૦૦૦** | **૧૮,૫૦૦** | **૧૭૫** | **૧૭૧** |
| ૪ | અઠવા | **૧૭૩** | **૧૮.૨૦૦** | **૧૧,૮૦૦** | **૪૭** | **૨૯** |
| ૫ | વરાછા | **૧૪૪** | **૩૩.૦૦૦** | **૧૭,૫૫૦** | **૮૩** | **૧૮** |
| ૬ | લીંબાયત | **૯૭** | **૨૮.૭૦૦** | **૬,૬૦૦** | **૪૭** | **૫૨** |
| ૭ | ઉધના | **૧૩૨** | **૨૭.૦૦૦** | **૧૨,૧૦૦** | **૫૭** | **૫** |
| | **કુલ** | **૧૧૯૧** | **૧૭૪.૧૦૦** | **૯૬૮૫૦** | **૫૬૭** | **૪૩૭** |

૬૬૬

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૯/૧૨/૨૦૧૭ થી તા.૦૪/૦૧/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૦૦૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૩ |
| ૪ | મેજર ઓપરેશન | ૦ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૧૬ |

# **-: પ્રેસનોટ :-**

ભારત સરકારશ્રીના આદેશ મુજબ બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ તાઃ૨૮/૦૧/૨૦૧૮ થી તાઃ૩૧/૦૧/૨૦૧૮ તથા બીજો રાઉન્ડ તાઃ૧૧/૦૩/૨૦૧૮ થી તાઃ ૧૪/૦૩/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનાં અમલીકરણ માટે મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાનાં અધ્યક્ષ સ્થાને તાઃ૦૫/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવેલી હતી.જેમાં આરોગ્ય સમિતીના અધ્યક્ષ શ્રી.અનીલ બીસ્કીટવાલા, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈ, ઈ.ચા.આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફ,ઈ.ચા.મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ(સ્મીમેર) ર્ડા.વંદના દેસાઈ,તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી,ઉપ શાસનાધિકારીશ્રી.શંકરભાઈ પટેલ, પ્રોગ્રામ ઓફિસર (સાપકુ), ગર્વમેન્ટ મેડીકલ કોલેજ (પી.એસ.એમ વિભાગ)ના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ, સ્મીમેરના (પી.એસ.એમ વિભાગ) આસી.પ્રોફેસર, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ (પીડીયાટ્રીક વિભાગ)ના આસી.પ્રોફેસર તેમજ એન.જી.ઓ.માં ગુજરાત ગેસ, જીએસઆરટીસી અને બીએસએનએલના પ્રતિનિધિ તથા અન્ય અધિકારી– કર્મચારીઓ હાજર રહયા હતા.

પ્રારંભે ઈ.ચા.આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફએ આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ તથા કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી પ્રેઝન્ટેશન દ્વારા આપી જણાવ્યુ હતું કે, આ કાર્યક્રમ હેઠળ ૩૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ૨૯૯૧ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી તથા પલ્સ પોલિયો કાર્યક્રમના આયોજન બાબતે જાણકારી આપી હતી. સને ૧૯૯૫ થી અત્યાર સુધી પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામના ૬૯ તથા માઈગ્રેટેડ પોપ્યુલેશન ધરાવતા વિસ્તારમાં ૪૩ રાઉન્ડ મળી કુલ ૧૧૨ રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૦–૫ વર્ષના બાળકોના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા કામગીરી હાંસલ કરવામાં આવે છે.આ રાઉન્ડમાં પણ ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબંધી વિગતવાર માહિતી આપતા જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરી કાર્યક્રમનો પ્રચાર પ્રસાર વધુ થાય તે માટે વર્તમાન પત્રોમાં જાહેરાત,બીલ બોર્ડ, બેનર,પ્રચાર પત્રિકા,કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત,સિનેમા/સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર,પ્રચાર વાહનો, રીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. મોલ,શોંપીગ સેન્ટર,બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરરી વસાહતો, માર્કેટ, ધાર્મિક સ્થળોએ મોબાઈલ ટીમ મારફતે કામગીરી કરાવવામાં આવશે. ઉપરાંત બુથના દિવસે વધુમાં વધુ બાળકો મોબીલાઈઝ થાય તે માટે આ કાર્યક્રમના બુથની વિગતો તેમના વિસ્તારના નગરસેવકોને પહોંચાડવા જણાવ્યુ હતુ. વધુમાં હાજર રહેલા એન.જી.ઓ.ના પ્રતિનિધિને આ કાર્યક્રમમાં સહભાગી થઈ તેને સફળ બનાવવા યોગદાન આપે તેવો અનુરોધ કર્યો હતો.

મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાએ સુરત મહાનગરપાલિકામાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯ બાદ નોંધાયો નથી જેની નોંધ લઈ આ કામગીરી સાથે સંકળાયેલા અધિકારી–કર્મચારીઓને

અભિનંદન પાઠવ્યા હતા. આ કામગીરી ઉત્તમ માનદ–ઈશ્વરીય સેવા હોય તેને આ જ રીતે નોંધપાત્ર કામગીરી કરવા તેમજ ગત રાઉન્ડ કરતા આ બન્ને રાઉન્ડમાં બુથ કવરેજ વધે તે પ્રમાણેનું આયોજન કરી કામગીરીને વધુ વેગીલી કરવા અનુરોધ કર્યો હતો.

આરોગ્ય સમિતીના અધ્યક્ષ શ્રી.અનીલ બીસ્કીટવાલા એ પ્રવચનમાં જણાવ્યું હતું કે, શહેર,રાજય તથા દેશની ભાવિ પેઢીને ઉજ્જવળ બનાવવા માટે આ કાર્યક્રમને સફળતા મળે તે માટે દરેક પદાધિકારી,અધિકારી/કર્મચારી તથા કાર્યકરોએ પોતાની નૈતિક ફરજ સમજી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા અનુરોધ કર્યો હતો.ગુજરાત ગેસના પ્રતિનિધિને સીએનજી પંપ પર સ્કુલબસ તથા વાનની આવન–જાવન રહેતી હોય કાર્યક્રમ સંબંધી પેમ્ફલેટ વિતરણ તથા અન્ય આઈઈસી કરવા સૂચન કર્યુ હતુ.

કાર્યક્રમના અંતમાં ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફએ મીટીંગમાં ઉપસ્થિત રહેવા બદલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.



તાઃ૦૫/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નવા સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવેલી હતી.જેમાં મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયા,આરોગ્ય સમિતીના અધ્યક્ષ શ્રી.અનીલ બીસ્કીટવાલા, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈ, ઈ.ચા.આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફ દશ્યમાન છે.

## સુરત મહાનગરપાલિકા
## ગાર્ડન ખાતુ
## પંદરમો હોર્ટીકલ્ચર ફેર અને ફલાવર શો

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૧/૧૮ થી તા.૨૮/૦૧/૧૮ ના રોજ ૧૫(પંદર) મો હોર્ટીકલ્ચર ફેર અને ફલાવર શો નું આયોજન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવેલ છે. સદર મેળાના સમયગાળા દરમ્યાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે, તાજા ફુલોની ગોઠવણી (Flower Arrangment), ઔષધિય વનસ્પતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન, વિગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે.

તમામ સ્પર્ધાઓ સ્પર્ધકોના ૨ (બે) ગ્રુપ બનાવી કરવામાં આવશે. જેના પ્રથમ ગ્રુપમાં ૧૮ વર્ષ સુધીની ઉમરના તમામ સ્પર્ધકો અને દ્વિતીય ગ્રુપમાં ૧૮ વર્ષથી વધુ ઉમરના તમામ સ્પર્ધકો ભાગ લઈ શકશે. પ્રવેશફોર્મ વિના મુલ્યે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરી ખાતેથી રજાના દિવસો સિવાય દરરોજ ઓફિસ સમય દરમ્યાન (સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૫:૦૦ કલાકે) મળી શકશે. ભરેલ પ્રવેશ ફોર્મ તા.૨૨/૦૧/૨૦૧૮ સુધી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી માટે ગાર્ડન ખાતાની ગાંધીબાગ કચેરીમાં રૂબરૂ અથવા ફોન ૦૨૬૧– ૨૪૭૩૬૩૩ થી સંપર્ક કરવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત ... તરફથી સાદર
ક્રમાંક 668
તા.૦૫.૦૧.૧૮

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સરત શહેરના બ્યુટિફિકેશન તથા સંસ્કૃતિ તથા કલાની કલાકૃતિઓ પ્રદર્શિત કરવા માટે 'સુરત સ્ટોન સ્કલ્પચર સીમપોઝીયમ-૨૦૧૮'નું આયોજન હાથ ધરવામાં આવેલ છે. સદર કાર્યશિબિરમાં આંતરરાષ્ટ્રિય ખ્યાતી પ્રાપ્ત ૧૦(દસ) કલાકારો ભાગ લેનાર છે. જે પૈકી ૭(સાત) કલાકારો ભારતીય છે, ૨(બે) કલાકારો જાપાનના તથા ૦૧(એક) કલાકાર ઈટાલીથી આવેલ છે. સદર સીમ્પોઝીયમનું ઉદઘાટન માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના શુભહસ્તે તા.૦૯/૦૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સાયન્સ સેન્ટર સ્થિત ઓડીટોરીયમમાં આયોજિત કરેલ છે.

વધુમાં સુરત મહાનગરપાલિકા દ્વારા અગાઉ જુલાઈ-ઓગસ્ટ ૨૦૧૭માં આયોજિત 'સુરત સ્ટોન સ્કલ્પચર સીમપોઝીયમ-૨૦૧૭'ના ૧૦(દસ) કલાકારો દ્વારા ૧૦(દસ) કલાકૃતિઓ બનાવવામાં આવેલ, જેને સુરત શહેરનાં વિભિન્ન જગ્યાઓએ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. સદર ૧૦(દસ) કલાકારોનું પણ સદર સમારોહમાં બહુમાન કરવામાં આવનાર છે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા તથા અલ્પના ગ્રૂપના ૧૪ કલાકારો દ્વારા ૧૮ થી ૨૮ સપ્ટેમ્બર-૨૦૧૭ દરમિયાન ૧૦ કલાક પ્રતિદિન ૩૪૫૦ સ્કે.ફૂટ વિસ્તારમાં 'રામાયણ રંગોળી પ્રદર્શન' તૈયાર કરવામાં આવેલ. સદર રંગોળીને **India Book of Record,** દ્વારા **'Biggest Rangoli in Theme of Ramayana'** રેકોર્ડ આપવામાં આવેલ છે. સદર ૧૪(ચૌદ) કલાકારોનું પણ સદર સમારોહમાં બહુમાન થનાર છે.

સુરત શહેરની કલાપ્રિય જનતા તથા ફાઈન આર્ટસ અને આર્કિટેકચર જેવા વિષયના વિદ્યાર્થીઓને ઉપરોક્ત સમારોહમાં ખાસ હાજર રહેવા વિનંતી.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં. 669
તા. ૦૮/૦૧/૧૮

## પ્રેસ નોટ

### પતંગ પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સ્થિત મ્યુઝિયમ ખાતે ૯ જાન્યુઆરી થી ૨૧ જાન્યુઆરી–૨૦૧૮ દરમિયાન પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વિવિધ દેશનાં પતંગો, પતંગનો ઈતિહાસ, પતંગનું વિજ્ઞાન, પતંગ બનાવવાની રીત, પતંગ વિશે જાણવા જેવી બાબતો, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ વિશે રસપ્રદ વિગતો પ્રદર્શન કરવામાં આવ્યું છે.

**<u>પ્રદર્શનનો સમય</u>**

તા. ૦૯ થી ૧૨ અને ૧૬ થી ૧૯ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી

તા.૧૩, ૧૪ , ૨૦ અને ૨૧ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સવારે ૧૧:૩૦ થી સાંજે ૬:૩૦ સુધી

તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ સાયન્સ સેન્ટર તથા પ્રદર્શન બંધ રહેશે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી.આર.ઓ.નં. 670
તા. ૦૮/૦૧/૧૮

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

આજરોજ તા.૦૮/૦૧/૧૮ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે માન.મેયરશ્રીની અધ્યક્ષતામાં સ્વચ્છ ભારત મિશન સેલ અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૧૮ના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં આરોગ્ય વિભાગના ફિલ્ડ સ્ટાફ સાથે એક અગત્યની મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મીટીંગમાં માન.મેયરશ્રી ઉપરાંત માન.ચેરમેનશ્રી(સ્થાયી સમિતિ), માન.ચેરમેનશ્રી(આરોગ્ય સમિતિ), માન.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ), ઈચા.આરોગ્ય અધિકારીશ્રી અને તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ, મુખ્ય આરોગ્ય નિરિક્ષકશ્રી, આરોગ્ય નિરિક્ષકશ્રી, મદદનીશ આરોગ્ય નિરિક્ષકશ્રીઓ હાજર રહયા હતા.

સૌપ્રથમ માન.ચેરમેનશ્રી(સ્થાયી સમિતિ) રાજેશભાઈ દેસાઈએ સ્વચ્છતા સર્વેક્ષણમાં સુરત પ્રથમ ક્રમે આવે તે રીતે તમામ ઝોનમાં સ્વચ્છતાલક્ષી કામો કરાવવા અને જરૂર જણાય તો ઉપરી અધિકારીશ્રીઓ સાથે સંપર્કમાં રહી કામગીરી વધુ ઘનિષ્ઠ રહે તે મુજબના પ્રયત્નો કરવા ભારપુર્વક જણાવેલ હતું.

ત્યારબાદ માન.ચેરમેનશ્રી(આરોગ્ય સમિતિ) અનિલભાઈ બિસ્કીટવાલાએ ચાલુ સ્વચ્છતા સર્વેક્ષણને મહત્વ આપી સુરતને વધુ ક્રમાંક પ્રાપ્ત થાય તે મુજબની કામગીરી કરવી તથા આ કામગીરી સાથોસાથ શહેરીજનોના આરોગ્યને ધ્યાનમાં રાખી નિસ્વાર્થભાવે રોજબરોજની નાની–મોટી આવતી આરોગ્યલક્ષી ફરીયાદોનું નિરાકરણ પણ સમયસર નિકાલ થાય તે પણ જોવાનું રહેશે.

માન.મેયર શ્રીમતી અસ્મિતા શીરોયાએ સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત જણાવેલ કે તમામ ઝોનના ફિલ્ડ સ્ટાફે નાગરીકોના સીધા સંપર્કમાં રહી સ્વચ્છતા તથા ડોર ટુ ડોરના વાહનને સુકો કચરો અને ભીનો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખી આપવો તે માટેની નાગરીકોને સમજ આપી અને ટેવાય તે માટે કેળવવા. ફિલ્ડ કામગીરી દરમ્યાન નાગરીકોની આરોગ્ય/સ્વચ્છતાલક્ષી સુચન કે ફરીયાદને ગંભીરતાથી ધ્યાને લઈ તેઓની સમસ્યા અંગે લાગણીસભર સમજાવવા અને ફરીયાદ કે સુચનનું સમયસર નિરાકરણ થાય તે જોવાનું રહેશે.

માન.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત દેસાઈએ સ્વચ્છતા સર્વેક્ષણની કામગીરીને સહજ અને સરળતાથી કામગીરી નીભાવવી. જયારે ઓનલાઈન તથા રૂબરૂ આવતી ફરીયાદઓનું ત્વરીત નિકાલ થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવી. સ્વચ્છતા સર્વેક્ષણ ઝુંબેશ દરમ્યાન પાણીના લીકેજ, ડ્રેનેજ લાઈન ચોકીંગ, અવાવરૂ મકાન, ખુલ્લા પ્લોટ, પીવાના પાણીની ચકાસણી, રેસ્ટોરન્ટ અને કોમર્શીયલ બિલ્ડીંગની ચકાસણી, પે એન્ડ યુઝ ટોયલેટની ચકાચણી થાય અને તેનો ત્વરીત નિકાલ થાય તો સ્વચ્છતા સર્વેક્ષણની કામગીરીમાં પરીણામલક્ષી બની રહેશે.

અંતે ઈચા.આરોગ્ય અધિકારીશ્રી ડો. કે. એ. શ્રોફએ સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૧૮ અંતર્ગત જરૂરી સુચનાઓ અને સમજ આપી, સૌ ઉપસ્થિત મહાનુભાવો અને અધિકારીશ્રી/કર્મચારીગણનો આ તબકકે આભાર વ્યકત કરેલ હતો.

:::::::::::::::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 672

તા.૦૮/૦૧/૨૦૧૮

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર







